## વડીલોને વંદન
## અભિનંદન



મંજુલાબેન એસ. સોલંકી
(૧૯૫૫)મો.૯૪૪૯૦૨૭૮૨૨

# તાલુકાની આગવી ઓળખની થીમ પર કાર્યક્રમો યોજવા વિભાગોને સૂચના

ગાંધીનગર, તા.૧૩

તાલુકા કક્ષાએ યોજાતા કાર્યક્રમો તાલુકાની આગવી ઓળખ હોઈ તેની થીમ પર કરીને પોતાપણાનો ભાવ લોકોમાં ઉભો થાય તે રીતે કરવા માટે વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા તાલુકા કક્ષાએ વિવિધ પ્રકારના સરકારી કાર્યક્રમો યોજવામાં આવે છે જો કે આવા કાર્યક્રમો સરકારી થીમ પર રાખવામાં આવે છે જેના કારણે તાલુકાની આગવી ઓળખ ઉજાગર થતી નથી અને લોકોમાં પોતાપણાનો ભાવ પણ જોવા મળતો નથી.

પ્રાપ્ત વિગતો મુજબ રાજયના દરેક તાલુકા દીઠ જોવાલાયક સ્થળ અથવા તે તાલુકામાં વિપુલ પ્રમાણમાં ઉત્કૃષ્ટ પ્રકારના થતાં પાકો આ તાલુકામાં થઈ ગયેલ કોઈ મહાન વ્યકિત વિગેરે થકી આ તાલુકાની કોઈ એક આગવી ઓળખ છે.

આથી જયારે પણ તાલુકા કક્ષાએ કાર્યક્રમો યોજવાના થાય ત્યારે આ તાલુકાઓની આગવી ઓળખ શું છે એ અંગેનો અભ્યાસ કરીને એ ઓળખની થીમ ઉપર કાર્યક્રમો યોજવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. આ રીતે જો તાલુકા કક્ષાએ કાર્યક્રમો યોજવામાં આવશે તો સ્થાનિક લોકોમાં એક પોતાપણાનો ભાવ ઉભો થશે અને ઉત્સાહભેર કાર્યક્રમમાં જોડાશે જેથી કરીને કાર્યક્રમ પણ સફળ બનાવી શકાશે.

આવા તાલુકાઓની આગવી ઓળખ સુનિશ્ચિત કરવા માટેની કામગીરી સંબંધિત પ્રભારી સચિવોના પરામર્શ કરવા માટેની સૂચના સંબંધિત વિભાગોના વડાઓને આપવામાં આવી છે.

## વાયબ્રન્ટને લઈને ઉચ્ચ સ્તરીય મિટિંગ યોજાઈ

અમદાવાદ, તા.૧૩

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે આગામી તા. ૭ થી ૯ જાન્યુઆરી-૨૦૧૫ દરમિયાન ગુજરાતમાં યોજનારા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીની પૂર્વ તૈયારીઓની ઉચ્ચસ્તરીય બેઠકમાં સમીક્ષા કરી હતી. પ્રવાસન મંત્રી સૌરભભાઈ પટેલે તથા બિનનિવાસી પ્રભાગ રાજમંત્રી પ્રદીપસિંહજી જાડેજા સહિત મુખ્યસચિવ પાંડિયન અને વરિષ્ઠ સચિવઓએ મુખ્યમંત્રીને આ સમગ્ર આયોજન અને ભારત સરકાર સાથે આ અંગે યોજાયેલી બેઠકની ગતિવિધિઓથી સુમાહિતગાર કર્યા હતા. આનંદીબહેને આ પ્રવાસી ભારતીય દિવસનું યજમાન રાજય ગુજરાત પ્રથમવાર બન્યુ છે તે સંદર્ભમાં બહુવિધ આયોજન સાથે અને બિનનિવાસી ભારતીયયો ગુજરાતની વિકાસ યાત્રાથી સુપેરે માહિતગાર થાય તેવા સર્વગ્રાહી કાર્યક્રમોની તૈયારીઓ માટે માર્ગદર્શન આપ્યું હતું.

# પૂનમે માનગઢ ધામ ખાતે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ અને યુવા ચિંતન ગોષ્ઠિ યોજાઈ

લુણાવાડા, તા. ૧૩

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર પ્રેરિત દર વર્ષની જેમ માનગઢ ખાતે તા. ૬-૧૨-૨૦૧૪ને શનિવારે ૧૫મો વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પવાનો સમારોહ ગાયત્રી શક્તિપીઠ સંતરામપુરના ઉપક્રમે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞસાથે યોજાયો હતો. આ પ્રસંગે યુવા વિરાટ શોભાયાત્રાનો પ્રારંભ સંતરામપુરથી ગાયત્રી પરિવાર દ્વારા કરાયું હતું. પ્લેકાર્ડ બેનર્સ સાથે નગરમાં ફરીને જાગૃતિ સંદેશો ફેલાવ્યો હતો. ફતેપુરા તાલુકાના યુવકો અને સરપંચશ્રીઓ આ રેલીમાં જોડાયા હતા. ભમરી-કુંડા ગ્રામ પંચાયત દ્વારા શોભાયાત્રાનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું અને ભોજન-પ્રસાદ બાદ કુંડા સરપંચશ્રી સંજયભાઈ પારગી અને ગ્રામ પંચાયતની ટીમ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કુંડેશ્વર મહાદેવથી માગઢ સ્મારક શોભાયાત્રાના રૂટમાં ઠેર-ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

આદિવાસી પરંપરા મુજબ ઢોલ તલવાર અને શરણાઈ દ્વારા સ્વાગત કરી આદિવાસી યુવકો દ્વારા તલવાર અને ઢોલના તાલે સૌ હરિભક્તો નાચી-ઝૂમી ઉઠ્યા હતા.

શોભાયાત્રા ધૂણી અને યજ્ઞ શાળાએ પરત ફરી હતી ત્યાં સભાના રૂપમાં ફેરવાઈ હતી. બપોરે દિપ પ્રાગટ્ય કરી ગુરૂવંદના યુગ સંગીત, વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે સંતો તથા મહાનુભાવોએ અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વારા વરિષ્ઠ મનિષી શ્રી વિરેશ્વર ઉપાધ્યાયનું તિલક કંકુ ચોખાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ગાયત્રી પરિવારના પ્રચારકોને સાહિત્યની ભેટ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે મનિષીશ્રી વિરેશ્વર ઉપાધ્યાય દ્વારા પ્રેરણારૂપ માર્ગદર્શક પ્રવચન આપવામાં આવ્યું હતું. સહાનંદ આંબેડકર હરિદ્વાર શાંતિકુંજ અને સંતો દ્વારા શહિદોને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ પ્રસંગે ગાયત્રી પરિવારના ભાઈ-બહેનો, બારેપંથના સાધુ સંતો, આગેવાનો તેમજ સરપંચશ્રીઓ તથા મહીસાગર, પંચમહાલ, દાહોદ જિલ્લાના યુવા ભાઈઓ, ગાયત્રી શક્તિપીઠ સંતરામપુર શ્રી રામજીભાઈ ગરાસિયા તથા માહિલાપુર ગાયત્રી પરિવારના વરિષ્ઠ શ્રી ગુલાબસિંહ બારીયા, પ્રોફેસરશ્રી કુબેરભાઈ ડીંડોર સહિત ધુણી (યજ્ઞ) સમિતિ માનગઢ ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રામાણિક કરદાતા કર્મચારીઓ ઠેરના ઠેર

# વેચાણવેરા અને અન્ય વેરાની ચોરી કરનાર આયકર વિભાગની આંખમાં ધૂળ નાખે છે

ધનસુરા, તા.૧૩

રાજય સરકારની આવકનો સ્ત્રોત ગણાતા વેચાણવેરા વિભાગ અને આયકર વિભાગ દ્વારા ઉત્પાદકો અને વેચાણકારો પાસેથી સરકારી વેરો વસુલ કરવા માટે અનેકવાર ઝુંબેશ ચલાવાય છે. છતા પણ સક્રિય સરકારી તંત્રની આંખમાં ધૂળ નાખી કરચોરી કરનાર મોટા પાયે સરકારી તિજોરીને નુકશાન કરી રહ્યા છે.

ચર્ચાસ્પદ બની ગયો છે.

ધનસુરા અને વડાગામ ખાતે સામાન્ય કારખાનામાં વેલ્ડીંગનું છુટુ છવાયું મજુરી કામ કરતા વડાગામ નજીક બોરવાઈ ગામ પાસે કૌભાંડો આદરી જમીનો ખરીદતા સમગ્ર પંથકમાં વિવાદાસ્પદ શખ્સ રૂ. ૫૦ લાખ ઉપરાંતની મોંઘીદાટ મોટરકારમાં મહાલતા શખ્સ સામે તપાસની માંગ ઉભી થઈ છે.

રોડપતિમાંથી કરોડપતિની વ્યાખ્યામાં આવી જતા



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

**કવોરીની મશીનરીનું ઉત્પાદન કરનાર ઓછું વેચાણ બતાવી કરચોરી કરનાર શખ્સ સામે જમીન કૌભાંડ જેવી અનેક ફરિયાદો**

ઉત્પાદન અને વેચાણ વેરાના ઓછા કે ખોટા આંકડા દર્શાવી કરચોરી કરતા હોય છે. જયારે સામાન્ય કર્મચારીઓ પ્રામાણિક પણે કરવેરા ભરવા પડે છે. જે બાબતે સમગ્ર તંત્ર જાણે છે તેમાંય ધનસુરા તાલુકાના કવોરી ઉદ્યોગને લીધે ધનસુરા, બુટાલ કે વડાગામ ખાતે કવોરી મશીનરીનું ઉત્પાદન કરતા ઘણા બધા યુનિટો (કારખાના) છે. જેમાં કેટલાક ઉદ્યોગપતિઓ પ્રામાણિક પણે સરકારી વેરાની ભરપાઈ કરે છે જયારે કેટલાક કારખાનેદારો મશીનરીનું ઓછુ ઉત્પાદન દર્શાવીને કે પછી વેચાણ કરેલ મશીનરીનું રીપેરીંગનું બિલ બનાવી મોટા પાયે કરચોરી કરતા હોવાનું ધનસુરા પંથકમાં ચર્ચાઈ રહ્યું છે.

સમગ્ર બાબત એવી છે કે ધનસુરા તાલુકાના બુટાલ સ્ટેશન નજીકના વિસ્તારમાં કારખાનું ચલાવનાર શખ્સ રાતો રાત માલેતુજાર ઉદ્યોગપતિઓ જેવું વૈભવશાળી જીવન જીવવા લાગતા આ મુદ્દો સમગ્ર ધનસુરા પંથકમાં આ શખ્સે મહેસુલ વિભાગના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓની મદદગારીથી અભણ અને અજ્ઞાન ખેડૂતો અને મૃતક વારસદારોના નામે બોગસ દસ્તાવેજ કોડ અને કૌભાંડ આદરી ધનસુરા તાલુકાના બોરાઈ ગામે મોંઘી જમીનો પાણીના ભાવે ખરીદી સમગ્ર પંથકમાં ભૂ-માફિયા તરીકે બદનામ થયેલ શખ્સ બાબતે એવું ચર્ચાઈ રહ્યું છે કે પોતાના કારખાનાઓમાં બનતા મશીનોની ઓછી કિંમત દર્શાવી અને કેટલાક નવી મશીનરીનું માત્ર રીપેરીંગ કામનું બિલ બનાવે છે અને મોટા પાયે કરચોરી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. મહેસૂલ વિભાગની જેમ જ વેચાણ વેરા અને આયકરમાં પણ પોતાની ભ્રષ્ટ તરકીબો અજમાવી સરકારી તંત્રની આંખમાં ધૂળ નાખે છે. જો કે કેટલાક જાગૃત નાગરિકો દ્વારા તેની બેનામી અને બિનહિસાબી સંપતિ બાબતે આયકર વિભાગ અને વેચાણવેરા વિભાગમાં પુરાવા સહિત રજૂઆત કર્યાનું ચર્ચાઈ રહ્યું છે.

# હત્યાના આરોપી શખ્સને અંતે ક્રાઈમ બ્રાંચ ટીમે પકડી પાડ્યો

### કેમિકલ ફેક્ટરીમાં ચોરી કરવા પહોંચેલી ટોળકીની સાથે ઝપાઝપીમાં વોચમેન માર્યો ગયો હતો : વધુ તપાસ જારી

અમદાવાદ, તા. ૧૩

કેમિકલ ફેકટરીના વોચમેનને મોતને ઘાટ ઉતારી લૂંટ કરનાર ગેંગના આરોપી પૈકીના એક શખ્સને ક્રાઈમ બ્રાંચે પકડી પાડવામાં સફળતા મેળવી છે. ઝડપાયેલા શખ્સની પુછફરછ હાથ ધરવામાં આવી છે. ૭મી ડિસેમ્બરના દિવસે મોડી રાત્રે વટવા જીઆઈડીસી ફેશ-૨ના કેમિકલ ફેકટરીના વોચમેન સંતોષસિંગ ભદોરિયાના ગળાના ભાગે વાયર ભરાવી ફાંસી આપી મોતને ઘાટ ઉતારી દેનાર લૂંટ કરનાર ગેંગના શખ્સ પૈકીના એકને પકડી પાડવામાં આવ્યો છે. સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ આ મામલામાં તપાસ હાથ ધરી હતી. આજે અમદાવાદ શહેરમાં કોમ્બિંગ નાઈટ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી જેના આધારે જાળ બિછાવવામાં આવી હતી. આ જાળમાં હત્યા કરનાર શખ્સ ઝડપાઈ ગયો હતો તેને જશોદાનગર ચાર રસ્તા પાસેથી પકડી લેવાયો હતો. ઈન્દ્રસિંહ ગોવિંદસિંહને પકડી પાડવામાં આવ્યો હતો જે જશોદાનગર ટેકરા વટવા જીઆઈડીસીમાં ભગવાનભાઈની ચાલીમાં રહે છે. ૧૯ વર્ષીય શખ્સને પકડી પાડવામાં આવ્યા બાદ વધુ પુછપરછ હાથ ધરાઈ છે. ઝડપાયેલો શખ્સ વટવા જીઆઈડીસીમાં આવેલી વિશાલ રબ્બર લાઈનમાં નોકરી કરે છે. બીજા સહ આરોપી આસપાસના ગામના હોવાનું જાણવા મળ્યું છે. ૭મી ડિસેમ્બરના દિવસે મોડી રાત્રે વટવા જીઆઈડીસીમાં કેમિકલ ફેકટરીમાં ચોરી કરવા માટે આ શખ્સો ગયા હતા તે ગાળા દરમિયાન વોચમેન સાથે ઝપાઝપી થઈ હતી. આ ઝપાઝપી દરમિયાન વોચમેનને ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. ગેંગના સભ્યો મોડી રાતના ફેકટરીઓ અને કારખાનાઓમાં લૂંટ અને ચોરી કરે છે. અગાઉ પણ અનેક ચોરી આ ટોળકી એ કરી હોવાની વાત પ્રકાશમાં આવી છે. ઝડપાયેલા શખ્સના આધારે અન્યોને પકડી પાડવા કવાયત હાથ ધરાઈ છે.

# કાંકરિયા કાર્નિવલ માટે કુલ ૧૫ કરોડનો વિમો કરાયો છે

### ૨૫મી ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બર દરમિયાન કાંકરિયા કાર્નિલનું આયોજન : લાખો લોકો પહોંચે તેવી સંભાવના

અમદાવાદ, તા.૧૩


કાંકરિયા કાર્નિવલને લઈને કુલ ૧૫ કરોડનો વિમો ઉતારવામાં આવ્યો છે જેમાં ફાયરનો ૧૦ કરોડનો વિમો રાખવામાં આવ્યો છે. વારંવાર આકસ્મિક બનાવો બને છે જેથી આ વખતે તંત્ર દ્વારા ખાસ પગલા લેવામાં આવ્યા છે અને વિમો ઉતારવામાં આવ્યો છે. કાંકરિયા કાર્નિવલમાં હંમેશા દર વર્ષે લાખો લોકો પહોંચે છે. શહેરમાં દર વર્ષે ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી કાંકરિયા કાર્નિવલનો કાર્યક્રમ યોજવામાં આવે છે જેમાં અલગ અલગ કંપનીઓ દ્વારા પણ સ્પોન્સસે કરવામાં આવતુ હોય છે ત્યારે મોટા ભાગના શહેરીજનો કાંકરિયા કાર્નિવલનો કાર્યક્રમ માણતા જતા હોય છે કાંકરિયા કાર્નિવલમાં મોટી સંખ્યામાં મુલાકાતી આવતા હોવાથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનને રૂ. ૧૫ કરોડનો વીમો ઊતાર્યો છે આ વીમામા ૧૦ કરોડનો ફાયરનો વીમો અને ૫ કરોડનો પબ્બલીક લાયાબીસીટીનો સમાવેશ થાય છે.૨૫ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન યોજાતા કાર્નિવલના સાત દિવસ દરમિયાન જો કોઈ અનીચ્છનીય ઘટના ઘટે તો કાંકરિયા પરિસરમાં રહેલા મુલાકાતીઓને વીમા કંપની દ્વારા ૧ લાખની રૂપિયા ચૂકવવામાં આવશે કોઈ પણ પ્રકારના આકસ્મીક જોખમો સામે રક્ષણ મેળવવા વર્તમાન સમયે વીમાનું કવચ મેળવવામાં આવે છે એમાં પણ કોઈ જાહેર કાર્યક્રમ હોય ત્યારે વીમો ઊતરાવવો જરૂરી છે.૨૫ થી ૩૧ ડિસેમ્બર સૂધી યોજાતા આ કાર્યક્રમમા લાખો મુલાકાતીઓ આવે છે જેમની સૂરક્ષા મહત્વની છે જેથી તંત્રએ સાવઘાની રૂપે અગમચેતીના પગલા લીધા છે.

# ગુજરાતના ૫૦૦ કેન્દ્રોમાં કામ કરતા કર્મીઓ પગારથી વંચિત

અમદાવાદ, તા.૧૩

ગતીશીલ ગુજરાતા સુત્રો સાથે મોટી જાહેરાત કરનાર ગુજરાતની ભાજપ સરકાર દ્વારા શ્રમ અને રોજગાર વિભાગ હેઠળના ૫૦૦ કૌશલ્યવર્ધન કેન્દ્રોમાં (કેવીકે) માટે કાર્યરત ફેકલ્ટી, સીક્યુરીટી અને સ્વીપરને છેલ્લા ચાર માસથી પગાર ચુકવવામાં આવ્યો નથી પરિણામે કૌશલ્યવર્ધન કેન્દ્રો કામ કરતાં કર્મચારીઓ અને તેના પરિવારો આર્થિક સંકળામણના ભોગ બન્યા છે રાજયના ૫૦૦ કૌશલ્યવર્ધન કેન્દ્રોમાં કામ કરતા કર્મચારીઓને હક્કના પગાર ચુકવવામાં નિષ્ફળ રાજય સરકાર કર્મચારીઓના બેંક ખાતામાં પગારની તાકીદે ચુકવણી કરે તેવી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યુ હતું કે સામાન્ય-મધ્યમ વર્ગના યુવાનોને તાલીમ અને રોજગાર મળી રહે તે માટે રાજય સરકાર મોટી મોટી જાહેરાતો કરે છે કેન્દ્ર સરકાર છેલ્લા પાંચ વર્ષથી દરેક રાજયને કૌશલ્યવર્ધન માટે વધુમાં વધુ કામ કરવા કરોડો રૂપિયાની નાણાં ફાળવણી અને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે પણ ગુજરાતની ભાજપ સરકારના શ્રમ અને રોજગાર વિભાગે ગુજરાતના વિદ્યાર્થીઓને કૌષલ્ય ઉપલબ્ધ કરાવવાને બદલે વધુમાં વધું ભ્રષ્ટાચાર થાય તેવું સ્વયં કૌશલ્ય પ્રાપ્ત કરી લીધું છે પરિણામે ૫૦૦ કૌશલ્યવર્ધન કેન્દ્રોમાં કામ કરતાં કર્મચારીઓનેચાર ચાર માસ સુધી પગાર ન મળે તેવી સ્થિતીનું નિર્માણ થયું છે.

## શબ્દાવલી - ૫૫૮૯





### આડી ચાવી

૧. ખુબ મોટો ભવ્ય (૪)
૪. આશ્ચર્ય જનક (૩)
૬. નાકના શ્વાસ લેવાનો બે કાણા (૪)
૮. એક રાજસ્થાની વાનગી (૪)
૯. મલાઇ (૨)
૧૦. વસ્તુને પેક કરી હોય તે પેકીંગ (૩)
૧૨. હસ્ત, હાથ (૨)
૧૩. આંકડી, હુક (૨)
૧૫. એક પોપ્યુલર મોંઘા સાબુ (૨)
૧૬. પથ્થર, પથરો (૩)
૧૭. તાંબુ, ત્રાંબુ (૩)
૧૯. બીજા પર આધારિત હોય તેવું (૫)
૨૦. કાર્ય, કામ (૨)
૨૧. કૈકેયી રાણીનો પુત્ર (૩)

### ઊભી ચાવી

૧. મુશ્કેલી (૩)
૨. ભપકાદાર (૪)
૩. મૂળ ઉત્પત્તિ સ્થાન (૩)
૪. 'અરેરાટી' શબ્દો ગોઠવો (૪)
૫. સાચુ, સુવ્યવસ્થિત (૪)
૭. ગાંધીનગરથી અમદાવાદ રોડ ઉપર જૈન મંદિરવાળુ સ્થળ (૨)
૯. જોમ, જુસ્સો (૫)
૧૧. બીજા ઉપર ઉપકાર કરવો તે (૫)
૧૨. દાબ, ધાક, અંકુશ (૩)
૧૩. ઠપકો, ટકોર કરવી (૪)
૧૪. એક જ્ઞાતિ (૩)
૧૮. ... જયંતિ, રૂપાની (૩)

### શબ્દાવલી ૫૫૮૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) કોરડો (૩) હુતાસણી (૫) યોજન (૭) મીત (૯) ગરજવાન (૧૧) રબર (૧૩) મણી (૧૪) લાજવાબ (૧૭) સવા (૧૮) અથાગ (૨૦) વાદવિવાદ (૨૩) કડા (૨૪) રનર (૨૫) વાણુ

**ઊભી ચાવી :-** (૨) કોથમીર (૨) ડોયો (૩) હુનર (૪) સરવાણી (૬) જગ (૮) તબલાવાદન (૧૦) જમ (૧૨) રજ (૧૫) વાઢવા (૧૬) અંગડાઇ (૧૭) સવાર (૧૯) પાક (૨૧) વિર (૨૨) દવા

## વાયબ્રન્ટ સમિટ : સુરક્ષાને લઈ તબક્કાવાર બેઠકોનો દોર શરૂ

વાયબ્રન્ટ સમિટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે અભૂતપૂર્વ સુરક્ષા ઉપલબ્ધ કરાવવાની તૈયારી શરૂ થઈ ચુકી છે. ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે. વાયબ્રન્ટમાં હજારો પોલીસ જવાનો તૈનાત કરવામાં આવી શકે છે. આ માટે સુરક્ષાને લઈને તબક્કાવાર બેઠકોનો દોર હાથ ધરવામાં આવી આવી રહ્યો છે. સત્તાવાર સુત્રોના જણાવ્યાનુસાર, તા. ૫ અને ૬ દરમ્યાન સુરક્ષા સંદર્ભે વિશેષ મોકડ્રીલ યોજવામાં આવશે. કાર્યક્રમના સ્થળો પર ખેડા, આણંદ, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, અમદાવાદ અને ગાંધીનગર પોલીસને તૈનાત કરવામાં આવશે.આઠ જિલ્લાના ૨૫ હજાર જેટલા પોલીસ જવાનો અધિકારીઓ અને એસઆરપી અને એન્ટીબોમ્બ સ્કવોર્ડ, ચેતક કમાન્ડો સ્નીફર ડોગની ટીમ ખડે પગે રાખવામાં આવશે. હેલીપેડ ગ્રાઉન્ડના પ્રદર્શનીમાં એસ.પી.કક્ષાના અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે દોઢ લાખ ચોરસમીટર વિસ્તારમાં ફેલાયલી આ પ્રદર્શનીને ફરતે વિશેષ સુરક્ષા દિવાલ, ઈલેક્ટ્રીક ફ્રીકેશન વાયરીંગ કરવામાં આવી રહ્યું છે.

## ધો. ૧૧માં એ-૧ ગ્રેડ મેળવનાર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

| | | |
|---|---|---|
| અર્પિત જયેશભાઈ પટેલ | સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર | ૪૬૨ |
| સત્યમ મિતેશકુમાર ગાંધી | સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર | ૪૫૯ |
| હરિણી નટવરભાઈ પટેલ | સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર | ૪૫૫ |
| સંકેત ઈન્દ્રવદન દરજી | સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર | ૪૫૪ |
| ક્રીનલ નવીનચંદ્ર પટેલ | સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર | ૪૫૩ |
| જૈવિક બી. આડસની | સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર | ૪૫૩ |
| મીત ગીરીશભાઈ પટેલ | સહજાનંદ સ્કૂલ ઓફ અચિવર | ૪૫૧ |
| ઉર્વી કૌશિકભાઈ બારોટ | શેઠ સી.એમ. હાઈસ્કૂલ | ૪૬૫ |
| ધૃવિક જિતેન્દ્રભાઈ પરમાર | શેઠ સી.એમ. હાઈસ્કૂલ | ૪૬૦ |
| નિરવ કૌશિકભાઈ ઓઝા | શેઠ સી.એમ. હાઈસ્કૂલ | ૪૫૮ |
| વર્ષાત એચ. પ્રજાપતિ | શેઠ સી.એમ. હાઈસ્કૂલ | ૪૫૯ |
| શૈવાલીસિંઘ એ. વાઘેલા | શેઠ સી.એમ. હાઈસ્કૂલ | ૪૫૫ |
| જીનીલ વિષ્ણુભાઈ પટેલ | શેઠ સી.એમ. હાઈસ્કૂલ | ૪૬૩ |
| વંદન પટેલ | માઉન્ટ કાર્મેલ | ૪૬૧ |
| અંકલ દાસ | માઉન્ટ કાર્મેલ | ૪૬૦ |
| જૈનમ શાહ | માઉટ કાર્મેલ | ૪૫૨ |
| નિયતિ કે. માધુ | વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ | - |
| ઋતુ જી. પટેલ | વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ | - |
| આશિષ એમ. લીંબાની | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| હ્રીશીલ વાય. પટેલ | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| રૂચિ બી. પટેલ | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| કાજલ પી. પટેલ | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| રીયા એન. રૂગાની | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| મેણત આર. પ્રજાપતિ | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| મોહીત એમ. ખાનચંદાની | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| હર્ષ જે. પટેલ | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| કેવલ સી. સોની | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| શિવમ આર. શર્મા | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| શૈલેષ કે. દવે | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| દષ્ટી ડી. માકરાણી | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| મીત બી. પટેલ | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| પૂજા ડી. પટેલ | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| સીમરન એ. પાન્ડે | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |
| કીંજલ બી. રાણા | ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | - |

## આજે વસ્તુને પ્રેમ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સંબોધતા જણાવ્યું હતું કે સારા કર્મો પાછળ સારા ઈરાદા પણ હોવા જોઈએ.

સે. ૧૧ ના રામકથા મેદાનમાં આજથી શરૂ થયેલા સંત પ્રવચનના પ્રારંભે સાધ્વી ઋતુંભરાજીએ જણાવ્યું હતું કે ભારત સંતોની દિવ્યતાથી સુખી થયું છે. સંતોના માર્ગદર્શન વિના કોઈ સુવિધા સુખી કરી શકતી નથી. પોતાનુ હોવું એ જ સુખ છે. સ્વમા બિરાજી સ્વસ્થ થવુ અનિવાર્ય છે. આજે માણસને મહત્વકાંક્ષાઓ નચાવે છે. સારા કર્મો પાછળ સારા ઈરાદા હોવા જોઈએ. આંતરિક આનંદ બહારની ઉપલબ્ધિઓ પર આધારિત ન હોઈ શકે. ભવ્યતાની સાથે દિવ્યતા પણ હોવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગરે પહેલા પણ ક્રાંતિ કરી હતી. આજે રાજનૈતિક વ્યક્તિ ધર્મ ધારણ કરે ત્યારે દુનિયા તેને આશ્ચર્યથી જુએ છે. ભારત વિશ્વગુરૂના પદ પર પ્રતિષ્ઠિત થઈ શકે પરંતુ દુનિયા પાસેથી પણ હજુ ઘણુ મેળવવાનું છે. અંતરિક્ષ અને પૃથ્વી આપણાં છે ત્યારે ગંદકી ફેલાવવી ન જોઈએ. કન્યા અને ગૌ માતાની હત્યા અટકાવવા સમાજે જાગૃત થઈ ચિંતન કરવાનો સમય પાકી ગયો છે. પોતાના દુર્ગુણો અને બીજાના સદગુણો તરફ ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. વૃશ્રાદ્ધમ, અનાથાશ્રમ અને મહિલા આશ્રમ ભારતમાં ક્યારેય ન હતા બીજાના એડોપ્ટ કર્યા છે. માતા-પિતાના આશીર્વાદ સાથે હોય તો તમે કદાચ ગરીબ થઈ શકો પણ દરિદ્રતા ક્યારેય ન આવે. આપણે આપણી ભૂમિકા, ચરિત્રયતા અને હૃદયમાં પ્રવેશ કરવાનું રાખવુ જોઈએ. પ્રહાર ન કરાય. દરેક વસ્તુને દુકાન કે રાજનીતિ ન બનાવવી જોઈએ.

ગાંધીનગરના આંગણે પ્રથમવાર યોજાયેલ વિરાટ ભક્તિ વેદાન્ત યોગ સંત સંમેલનમાં દેશભરમાંથી ૧૫થી વધુ મહામંડલેશ્વરો અને અનેક સંતો-મહંતો ઉપસ્થિત રહેતાં સેંકડો ભાવિકો દર્શન માટે ઉમટ્યા હતા. આ પ્રસંગે સ્વામિશ્રી ચિત્તપ્રકાશાનંદગિરિજી, સ્વામિશ્રી પરમાત્માનંદગિરિજી, સ્વામિશ્રી અનુભૂતાનંદગિરીજી તથા પૂજય સ્વામિજી સમાનંદજીએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. પ્રારંભમાં સ્વામિશ્રી વૈરાગ્યાનંદગિરિજીએ કાર્યક્રમની રૂપરેખા આપી સૌ સંતો-મહંતોનું સ્વાગત કર્યું હતું. આયોજન સમિતિના અગ્રણી શ્રી અશોકભાઈ વકીલે સ્વાગત પ્રવચન કર્યું હતું. સંમેલનને સફળ બનાવવા સર્વશ્રી અશોક વકીલ, પ્રતાપભાઈ ઠક્કર, અશ્વિનભાઈ ત્રિવેદી, હરેશભાઈ રાઠોડ, દિપેનભાઈ શુકલ, પરાગીબેન પંડ્યા, ભરતભાઈ રાવલ, પ્રદિપસિંહ વાઘેલા, જગદીશસિંહ વાઘેલા વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

**ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી.**
(રાજ્ય સરકારનું સાહસ)
'બલરામ ભવન' સેક્ટર-૧૦એ, ગાંધીનગર.
ફોન : ૦૭૯-૨૩૨૫૯૯૦૬ ફેક્સ : ૦૭૯-૨૩૨૫૨૩૧૧

**કોપીયર મશીન નિગમની વડી કચેરી, ગાંધીનગર ખાતે મુકી કોપી કાઢી આપવાની કામગીરીના ભાવ આપવા અંગે (ત્રીજો પ્રયત્ન)**

નિગમની વડી કચેરી, ગાંધીનગર ખાતે કોપીયર મશીન મુકી કોપી કાઢી આપવાની કામગીરીના ભાવ માટે પાર્ટીઓ પાસેથી ૧૫ માસ માટે પ્રતિ કોપીના દરથી રેઈટ કોન્ટ્રાક્ટ કરવા ટેન્ડર દ્વારા ભાવો મંગાવવામાં આવે છે. આ બાબતે રસ ધરાવતી પાર્ટીઓએ ઉપરોક્ત કચેરીના સરનામે જાહેર રજા સિવાયના દિવસોમાં ૧૪-૦૦ કલાક સુધીમાં રૂ. ૫૦૦/- ટેન્ડર ફી (નોન રીફંડેબલ) રોકડા ભરીને ટેન્ડર ફોર્મ તા. ૨૯/૧૨/૨૦૧૪ સમય ૧૪-૦૦ કલાક સુધીમાં મેળવી શકાશે. ભરેલ ટેન્ડર ફોર્મ તા. ૩૦/૧૨/૨૦૧૪ સમય ૧૭-૦૦ કલાક સુધીમાં ઉપરોક્ત સરનામે રજી.પોસ્ટ એ.ડી.થી / સ્પીડ પોસ્ટથી અથવા તો રૂબરૂ આવી કચેરીની રજીસ્ટ્રી શાખામાં આપવાનું રહેશે. ટેન્ડર ફોર્મના કવર ઉપર 'કોપીયર મશીન નિગમની વડી કચેરી, ગાંધીનગર ખાતે મુકી કોપી કાઢી આપવાની કામગીરીના ભાવ' લખવાનું રહેશે. આ ટેન્ડર તા. ૩૧/૧૨/૨૦૧૪ સમય ૧૨-૦૦ કલાકે પાર્ટીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે.

માહિતી/૧૯૩૩/૨૦૧૪-૧૫

**ટચૂકડી જાહેર ખબર**

**ટ્રક વેચવાની છે**
ચાલુ અને સારી કન્ડીશનવાળી
TATA 909 LPT
ટ્રક વેચવાની છે.
મો. ૯૯૨૫૬ ૪૩૦૭૧

**શ્રી સહજાનંદ કોર્પોરેશન**
● ફલેટ/બંગલો વેચાણ તથા ભાડે કુડાસણ તથા ભાઈજીપુરામાં આપવાના છે. ● PDPU કોલેજ રોડ, પેઈંગ ગેસ્ટ માટે રહેવા તથા જમવા સાથે ઉત્તમ વ્યવસ્થા. ● ફક્ત ટીફીનની વ્યવસ્થા પણ કરી આપવામાં આવશે.
સંપર્ક : ૯૯૭૯૨ ૨૮૯૮૮
૯૫૮૬૮૧૮૪૮૨

**જોઈએ છે**
● B.E. Civil અથવા Diploma Civil (M/F)
● કોમ્પ્યુટર ઓપરેટર અંગ્રેજી / ગુજરાતી જાણકાર (M/F)
● ડ્રાઈવર જોઈએ છે.
સંપર્ક : ૯૮૨૪૦ ૨૮૫૩૯
સમય : ૧૦ થી ૧૨